પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૪ | ૫ એપ્રિલ, ૨૦૧૭, બુધવાર ; ચૈત્ર સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### વિવાદાસ્પદ ટવીટ અંગે પ્રશાંત ભૂષણે માફી માંગી



સ્વરાજ ઈન્ડિયાના નેતા પ્રશાંત ભૂષણે રોમિયો અને ભગવાન શ્રીકૃષ્ણ પર કરેલા પોતાના ટવીટ પર માફી માંગી હતી. તેઓએ જણાવ્યું હતું કે તેમના ટવીટને ખોટી રીતે રજુ કરવામાં આવ્યું છે.

### પ્રસિધ્ધ શાસ્ત્રીય ગાયિકા કિશોરી અમોનકરનું અવસાન



ભારતીય શાસ્ત્રીય સંગીતમાં મુઠ્ઠી ઉંચેરું સ્થાન ધરાવતા ગાયિકા કિશોરી અમોનકરનું અવસાન થયું છે. તેઓને વર્ષ ૧૯૮૭ અને વર્ષ ૨૦૦૨માં અનુક્રમે પદ્મભૂષણ અને પદ્મવિભૂષણથી સન્માનવામાં આવ્યા હતા.

### માર્ચ મહિનામાં બજાજનું વેચાણ ઘટયું

બજાજ ઓટોએ માર્ચ મહિનામાં કંપની દ્વારા થયેલા વેચાણનું પરીણામ જાહેર કરી દીધું છે. બાઈકના વેચાણમાં માર્ચ મહિનામાં ૧૪ ટકાનો ઘટાડો નોંધાયો છે.

### રાખી સાવંતની ધરપકડનો આદેશ



ભગવાન વાલ્મિકી અને તેમના ભકતો પર આપેલા વિવાદિત નિવેદનને કારણે ચર્ચામાં આવેલી રાખી સાવંતની ધરપકડ કરવાનો આદેશ જાહેર કર્યો છે. અભદ્ર ટિપ્પણીને કારણે લુધિયાણાની અદાલતે રાખી સાવંત વિરુદ્ધ નોન-બેલેબલ વોરંટ જાહેર થતાં જ તે બચાવની મુદ્રામાં આવી ગઈ છે.

### કોમ્પ્યુટર પ્રોગ્રામરને નહી મળે એચ૧બી વિઝા

અમેરિકામાં કામ કરનાર કોમ્પ્યુટર પ્રોગ્રામર્સને એચ૧બી વિઝા મળશે નહી. આનો અમલ ઓકટોબર ૨૦૧૭થી થશે. આ નિર્ણયથી હજ્જારો ભારતીયોને અસર પહોંચશે.

# યુપીમાં ખેડૂતલક્ષી નિર્ણયો

**યોગી કેબિનેટની પ્રથમ બેઠકમાં ખેડૂત લોન માફ કરવા, ૮૦ લાખ મેટ્રીક ટન ઘઉં ખરીદવાનો નિર્ણય : માંગ મુજબ જિલ્લાઓમાં ખરીદી કેન્દ્રો ખોલાશે : ૭ લાખ ખેડૂતોના ૫૬૩૦ કરોડ રૂપિયા એનપીએ માફ : કિસાન રાહત ફંડની રચના કરવાનો નિર્ણય**



લખનૌ, તા.૪

ઉત્તરપ્રદેશમાં પ્રચંડ બહુમતિ સાથે સત્તા ઉપર આવેલી મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નેતૃત્વમાં ભાજપ સરકારે આજે પ્રથમ કેબિનેટ બેઠકમાં જ ધારણા પ્રમાણે જ કૃષિ લોનને માફ કરવાનો નિર્ણય કર્યો હતો. આ નિર્ણયને ખુબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. વડાપ્રધાન મોદીએ ઉત્તરપ્રદેશમાં પ્રચાર દરમિયાન કહ્યું હતું કે, ભાજપ સરકાર બન્યા બાદ પ્રથમ કેબિનેટ બેઠકમાં જ ખેડૂતોની લોન માફીનો નિર્ણય લઈ લેવામાં આવશે અને આજે ધારણા પ્રમાણે જ આ નિર્ણય કરવામાં આવ્યો હતો. ખેડૂતોના હિતમાં આજે શ્રેણીબદ્ધ નિર્ણય લેવામાં આવ્યા હતા. ઉત્તરપ્રદેશ સરકારે કહ્યું હતું કે, તે પ્રદેશના ખેડૂતો પાસેથી ૮૦ લાખ મેટ્રીક ટન ઘઉંની ખરીદી કરશે અને માંગ મુજબ જિલ્લામાં ખરીદી કેન્દ્રો ખોલવામાં આવશે. ઉત્તરપ્રદેશના નાના ખેડૂતો માટે

● અનુસંધાન પાન-૭ પર

# આજથી IPL-૧૦ આરંભાશે

**કુલ ૬૦ ટ્વેન્ટી મેચ રમાશે : દેશભરમાં કરોડો ક્રિકેટ ચાહકોમાં જોરદાર ઉત્સાહ**
**વિદેશી, સ્થાનિક ક્રિકેટર છવાઇ જવા તૈયાર : છગ્ગા-ચોગ્ગાનો વરસાદ થશે**

હૈદરાબાદ,તા.૪

જેની ઉત્સુકતાપૂર્વક ક્રિકેટ ચાહકો રાહ જોઈ રહ્યા છે તે હાઈ પ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગ-૧૦ની આવતીકાલે રોમાંચક અને દિલધડક વાતાવરણમાં શરૂઆત થવા જઈ રહી છે. હાઈપ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગ-૧૦નો પ્રથમ તબક્કો આવતીકાલથી શરૂ થઈ રહ્યો છે.આઈપીએલની મેચો પાંચમી એપ્રિલ એટલે કે આવતીકાલથી શરૂ થઈ રહી છે. મેચો છેક ૨૧મી મે સુધી ચાલનાર છે. હૈદરાબાદમાં સૌથી પહેલી મેચ યોજાનાર છે. ફાઈનલ મેચ પણ અહી જ યોજાનાર છે. સન રાઈઝ હૈદરાબાદ વર્તમાન ચેમ્પિયન ટીમ છે. તે પોતાના તાજને જાળવી રાખવાના મક્કમ ઈરાદા સાથે મેદાનમાં ઉતરનાર છે. અન્ય ટીમો પણ જોરદાર દેખાવ કરવા તૈયાર છે. ખાસ કરીને ઉભરતા સ્ટાર ખેલાડીઓને આઈપીએલના મંચ પર જોરદાર દેખાવ કરીને રાષ્ટ્રીય સ્તર પર ચમકવાની સુવર્ણ તક છે. આઈપીએલ-૧૦ની મેચો દસ શહેરોમાં રમાનાર છે. આગામી સપ્તાહો સુધી હવે જોરદાર રોમાંચ રહેનાર છે.આઈપીએલ-૧૦માં પણ ટ્વેન્ટી વર્લ્ડ કપની જેમ જ ચોગ્ગા અને છગ્ગાની રમઝટ જોવા મળે તેવી શક્યતા છે. હવે આઈપીએલની રોમાંચકતા જોવા મળશે. તમામ ટીમોના સ્ટાર ખેલાડીઓ તેમાં ભાગ લેનાર છે. ઉદ્‌ઘાટન કાર્યક્રમ બાદ ટૂર્નામેન્ટની શરૂઆત આવતીકાલથી થશે. કુલ ૬૦ ટ્વેન્ટી- ૨૦ મેચો સમગ્ર ટૂર્નામેન્ટ દરમિયાન રમાશે. ઈન્ડિયન પ્રિમિયર લીગની અન્ય વિશેષતા એ છે કે, આઈપીએલ-૧૦માં ગુજરાતના અનેક ખેલાડી પણ રમી રહ્યા છે. અગાઉની સિઝન ઉપર નજર કરવામાં આવે તો જાણવા મળે છે કે, દરેક સિઝનમાં ગુજરાતના

● અનુસંધાન પાન-૭ પર



**લોકાભિરામં રણરઙ્ગધીરં રાજીવનેત્રં રઘુવંશનાથમ્ ।**
**કારુણ્યરુપમ્ કરુણાકરંતં શ્રીરામચંદ્રં શરણં પ્રપદ્યે ॥**
**સત્ય, પ્રેમ અને કરૂણાના વાહક મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામચંદ્ર ભારતીય સંસ્કૃતિના શ્રદ્ધાબિંદુ છે... જીવન જીવવાના માર્ગ અને પડકારોને પોંખવાની ક્ષમતા કેળવવાની અદ્‌ભૂતશક્તિ ધરાવતા ભગવાન શ્રીરામના ચરણોમાં નમન....**

# પોલિસી સમીક્ષા બેઠકમાં વ્યાજદર યથાવત રહેશે

**મોટાભાગના અર્થશાસ્ત્રીઓનો અભિપ્રાય : બુધવારથી પોલિસી સમીક્ષાની બેઠક શરૂ થશે : ચાવીરુપ દરોમાં ફેરફાર થશે કે કેમ તેને લઇને કારોબારીમાં ચર્ચાઓ**

નવીદિલ્હી, તા. ૪

આરબીઆઈની છ સભ્યોની નાણાંકીય પોલિસી સમીક્ષાની મીટીંગને લઈને અર્થશાસ્ત્રીઓમાં ગણતરીનો દોર શરૂ થઈ ગયો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા તેની છેલ્લી ત્રણ પોલિસી બેઠકમાં તમામને આશ્ચર્યજનક પરિણામ આપવામાં આવ્યા છે પરંતુ ગુરુવારની સમીક્ષામાં પણ આવું જ વલણ અપનાવવામાં આવે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. આરબીઆઈ આ વખતે એશિયામાં મોટાભાગની સેન્ટ્રલ બેંકોની સ્થિતિને ધ્યાનમાં લઈને સાવધાનીપૂર્વકનું વલણ અપનાવે તેમ માનવામાં આવે છે.

હાલમાં જ કરવામાં આવેલા સર્વેમાં ૬૦ અર્થશાસ્ત્રીઓએ કહ્યું છે કે, એમપીસી દ્વારા ૬.૨૫ ટકાના દરે રેપોરેટને યથાવત રાખવામાં આવશે. ઓક્ટોબર બાદથી રેપોરેટ આ સપાટી ઉપર છે. મૂડીરોકાણકારો એમપીસીના અભિપ્રાય માટે નિવેદનોમાં ચકાસણી કરશે. કન્ઝ્યુમર ફુગાવાનો આંકડો ધ્યાનમાં લેવામાં આવી રહ્યો છે. ફેબ્રુઆરી મહીનામાં કન્ઝ્યુમર ફુગાવાનો આંકડો ૩.૬૫ ટકા રહ્યો છે. આરબીઆઈની પોલિસીને લઈને અટકળોનો દોર શરૂ થઈ ગયો છે. હાલમાં ચાવીરુપ રેટ યથાવત રાખવામાં આવી શકે છે. ફેબ્રુઆરી મહિનામાં કમીટીએ તમામને ચોંકાવી દીધા હતા. ગુરુવારના દિવસે એમપીસી તટસ્થ વલણ અપનાવશે.

# અંકુશરેખા પર પાકિસ્તાનનો ફરીવખત ભીષણ ગોળીબાર

**ભારતીય સેના દ્વારા જોરદાર જવાબી કાર્યવાહી : બે દિવસની અંદર બીજી વખત યુદ્ધવિરામનો ભંગ કરાયો**

નવીદિલ્હી, તા. ૪




પાકિસ્તાની સૈનિકોએ યુદ્ધવિરામનો ભંગ કરીને ફરીએકવાર અંધાધૂંધ ગોળીબાર કર્યો છે. અંકુશરેખા ઉપર આ ગોળીબાર કરવામાં આવ્યો છે. જમ્મુ કાશ્મીરના રાજૌરી જિલ્લામાં અંકુશરેખા પર પાકિસ્તાની સૈનિકોએ મોર્ટારનો મારો ચલાવ્યો હતો. સાથે સાથે ગોળીબાર પણ કર્યો હતો. જેના પરિણામ સ્વરુપે સેનાને જવાબી કાર્યવાહી કરવાની ફરજ પડી હતી. મળેલી માહિતી મુજબ ભારતીય બાજુમાં ૮૨ એમએમ મોર્ટાર સેલ ઝીંકવામાં આવ્યા હતા. છેલ્લા બે દિવસના ગાળામાં પાકિસ્તાને યુદ્ધવિરામનો ભંગ કરીને બીજી વખત ગોળીબાર કર્યો હતો જેના લીધે ભારતીય જવાનોએ પણ જવાબી કાર્યવાહી કરવાની ફરજ પડી હતી. સંરક્ષણ પ્રવક્તાએ માહિતી આપતા કહ્યું છે કે, આજે રાજૌરીમાં પાકિસ્તાની સેના દ્વારા બિનઉશ્કેરણીજનકરીતે ગોળીબાર કરવામાં આવ્યો હતો. ભારતીય સેનાના જવાનોએ પણ

● અનુસંધાન પાન-૭ પર

# ભારત-પાકિસ્તાન શાંતિ પ્રક્રિયામાં મધ્યસ્થી કરવા ડોનાલ્ડ ટ્રમ્પ ઈચ્છુક

વોશિંગ્ટન, તા. ૪

ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્તમાન તંગદિલીને ઘટવાડના હેતુસર અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હવે પ્રયાસ કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. અમેરિકા તરફથી આ પ્રકારનું નિવેદન કરવામાં આવ્યું છે. સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકાના સ્થાયી પ્રતિનિધિ નિક્કી હેલીએ કહ્યું છે કે, તેમનો દેશ ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતી જતી તંગદિલીને લઈને ચિંતાતુર છે જેથી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ બંને દેશો વચ્ચે શાંતિ પ્રક્રિયામાં સામેલ થવાને લઈને ઈચ્છુક છે અને મતભેદોને દૂર કરવા માંગે છે. ટ્રમ્પ વહીવટીતંત્રના

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

